# ૬.૭ જૈન ધર્મનાં છ કર્તવ્યો.

*"દેવપૂજા ગુરુપાસ્તિ સ્વાધ્યાય સંયમસ્તપઃ ।*

*દાનંચેતિગૃહસ્થાનામ્, ષટ્ કર્માણિ દિને દિને ॥"*

## (૧) દેવપૂજાઃ

પ્રભુની પૂજા કરવાની જરૂર શી છે? ભાવથી કરી લઈએ તો બધી પૂજા છે અને મન વિના કરીએ તો જેમ કાપડની દુકાને ઝવેરાત ન મળે, ડોકટરની પાસે વકીલાતનું જ્ઞાન ન મળે, શાક મારકેટમાં અભ્યાસ શિક્ષણ ન મળે, તેમ આત્મ સ્વરૂપનું ભાન કે ચિત્ત ભટકતું હોય તો તે પૂજાને કોઈ અર્થ નથી આવો વિચાર આવે ત્યારે વિચારવું જોઈએ કે જ્ઞાન એ તીર્થંકર પરમાત્મા સિવાય મળતું નથી. તેમના સાંનિધ્યથી, સ્તવનાથી અને ગુણોનું ચિંતન કરવાથી ધીમે ધીમે ઉઘાડ થાય છે – પ્રભુની પૂજા એ પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરવાની પૂજા પ્રક્રિયા છે. સર્વ સુખનું કારણ ભાગ્ય–નસીબ કે પ્રારબ્ધ કહેવાય છે તેમ નસીબ કે ભાગ્યનું કારણ પણ પૂજ્યની પૂજા કહેવાય છે જિનેશ્વર દેવની પૂજા એ સર્વદોષો અને પાપોને પખાળવા માટેનું કારણ બની શકે છે. એટલે જ અનંત ઉપકારી તીર્થંકર ભગવંત્ જગતના જીવમાત્રના આત્મિક ઉત્થાન માટે ધર્મતીર્થને સ્થાપે છે. પ્રભુના ઉપકારને યાદ કરી આપણે ચિત્તની નિર્મળતાથી પ્રભુની પૂજા કરીએ છીએ. "પ્રભુ સવિ જીવ કરૂ શાસનરસી"ની ભાવના સાથે ત્યાગપંથ સ્વીકારી જીવન જીવીને આપણા ઉપર અનંત ઉપકાર કર્યો તો તે ઉપકારને વિચારીએ એ ફસ્ટ પોઝ છે. સેકંડમાં સ્વીકાર છે... ભગવાન ગમ્યા તો તેના જેવા થવું છે તો તેમને જે છોડયું અને જે મેળવ્યું તે તે મેળવવું હોય તો ચલો પ્રભુ પૂજાને સ્વીકારીએ. દેવ પૂજા એટલે સુખસંપતિ અને સૌભાગ્યની જનેતા... દેવપૂજા એટલે પૂજકમાંથી પૂજ્ય બનવાનો યોગ્ય ઉપાય... વીતરાગતાનું અનુમોદન તથા વિવિધ સત્કાર્યો કરવા પ્રેરણાની શ્રેષ્ઠ પરબ છે.

મનુષ્ય જન્મમાં પરમાત્માની પૂજા એ આત્માની જોવાની ઓળખવાની પારખવાની દિવ્યવાણીનું ઉદ્‌ગમ સ્થાન છે.

jainuniversity.org

દેવપૂજા એટલે મારે પણ જિન થવું છે. એવી અભિલાષાનું પ્રતિક છે. તથા શુદ્ધ આત્મ સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરવાની ચાવી છે તથા સદ્‌ગતિના સોપાન ચઢવાની સીડી તુલ્ય છે.

દેવપૂજાથી આત્મા ઉપશમ રસના સરોવરમાં સ્નાન–ક્રીડા કરી સમતાને પ્રાપ્ત કરે છે. અને સમ્યગ્ દર્શનની ડીગ્રી મેળવવાની યુનિવર્સિટી છે.

જિનના ચરણે જે નમસ્કાર કરે છે સ્મરણ કરે છે તેના દુઃખ દૌર્ભાગ્ય અને દારિદ્રને ચૂરવા માટે મુદ્‌ગર સમાન બને છે. તથા મોક્ષરૂપી સ્ત્રીની સાથે હસ્તમેળાપ કરવાનો શ્રેષ્ઠ મંડપ છે ભવસમુદ્રમાંથી તરવા માટે નૌકાસમાન મોક્ષ સુખના સેમ્પલ જેવી છે. દેવપૂજા એ અરિહંત આદિના ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતાનું એક અનોખું સાધન છે. માટે જ શ્રાવકનું નિત્ય કર્તવ્ય પ્રથમ દેવપૂજા જ્ઞાનીએ કહેલ છે.

ભાવસ્વરૂપથી કરેલ પૂજા સ્વ–રૂપને અને પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરાવે છે.

ત્રિકાળ પૂજાથી શ્રાવક શું ફળ પ્રાપ્ત કરે છે? તો તેમાં

૧. સવારે કરેલી પ્રભુની ભાવવિભોર પૂજાથી આત્માને સ્મૃતિનું દાન અર્પે છે.

૨. મધ્યાહ્ન – બપોરે કરેલી પૂજા આ જન્મના પાપોનો નાશ કરી શાંતિનું દાન આપે છે.

૩. સાંજે કરેલી પ્રભુપૂજા સાતભવોના પાપોનો નાશ કરી શક્તિનું દાન આપે છે.

આમ, ત્રિકાળ પૂજાથી વિઘ્નોની શાંતિ ... અભ્યુદયની પ્રાપ્તિ અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે માટે પ્રથમ કર્તવ્ય શ્રાવકનું આવશ્યક તે કરવા યોગ્ય છે. એક જીવનમંત્ર છે.

ચોખ્ખે ચિત્તથી રે કરીએ શ્રી જિનવરની સેવ,
જગમાં કો નહીં રે દીસે અધિકો દુઝો દેવ.
કરૂણા જલનિધીરે જંગમકલ્પતરૂ ભગવાન,
કરીએ પૂજનારે અષ્ટપ્રકારી રૂડે ધ્યાન.

## ૨. ગુરુસેવા:

"ધ્યાન મૂલં ગુરો મૂર્તિ, પૂજા મૂલં ગુરુપદમ્ ।
મંત્ર મૂલં ગુરો વાક્યં મોક્ષ મૂલં ગુરુકૃપા ॥"

ગુરુ એટલે ૐકારનું પ્રતિરૂપ... ગુરુ વિમલાલોક (જ્ઞાન) રૂપી અંજનઆંજી પરમાનંદને અર્પે છે.

ગુરુ શબ્દની વ્યુત્પતિ શું? તો કહે છે કે

ગ્ = ગમયતિ : આત્મા પોતાના મૂળ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ભ્રમણ કરે છે ત્યારે ગ્ આપણને પાછો સ્થાનમાં લાવે છે.

ર્ = અમૃતરસની પૃષ્ટિ કરે છે.

વિસર્ગ: અભ્યુદય તરફ લઈ જાય છે આટલી મહત્તા ગુરુની કહી છે તો તેની સેવા ભક્તિ શું ફળ ન પ્રાપ્ત કરાવે? અથવા ગુ એટલે અંધકાર અને રુ એટલે પ્રકાશે જે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય સમ્યગ્ જ્ઞાનના દીવડા પ્રગટાવે તે ગુરુ.

jainuniversity.org

ગુરુના ચરણમાં પાંચ ગંગા વહે છે. જે ગંગામાં સ્નાન કરી જીવ સંસાર સમુદ્રને તરી જાય છે.

પાંચ ગંગાના નામ: ૧. સંગ્રહ શક્તિ, ૨. પ્રતિગ્રહ શક્તિ, ૩. વિગ્રહ શક્તિ, ૪. પરિગ્રહ શક્તિ, ૫. અનુગ્રહ શક્તિ ગુરુના અંગમાંથી દિવ્ય સુગંધ પ્રસરી રહી છે. તેનાથી ઈન્દ્રિયોની શુદ્ધિ, આચારની શુદ્ધિ, આહારની શુદ્ધિ કરે છે માટે જ યોગાકાશમાં ગુરુતત્ત્વને સૂર્ય સમાન જણાવ્યા છે.

ગુરુસમાન દાતા નહીં, યાચક શિષ્ય સમાન । તીનલોકકી સંપદા, સદ્ગુરુ દેતે દાન ॥

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું મહત્વ મહાન છે વૈદિક સાહિત્યમાં પણ ગુરુને બ્રહ્મા વિષ્ણુના સંબોધન પૂર્વક સમ્યગ્જ્ઞાનનાપ્રકાશ નિર્માણ કરે છે.

જૈન ધર્મના ઈતિહાસમાં ગુરુ એક દીવાદાંડી – પ્રકાશસ્તંભ કહ્યા છે. ભૂલા પડેલા પથિકોના માર્ગદર્શક તથા ભવરૂપી સમુદ્રથી તરવા માટે જહાજ – નૌકા સમાન છે. સાથે દિશાસૂચક યંત્ર સમાન છે. પરમાત્મા આદિનાથના અઠ્ઠાણું પુત્રો રાજય માગે છે ત્યારે પ્રભુએ આત્મરાજ્ય મેળવવા પ્રેરણા કરી. મોક્ષમાર્ગમાં આરૂઢ કર્યા. જ્ઞાનમદથી મદોન્મત બનેલા ઈન્દ્રભૂતિ આદિને મહાવીર પરમાત્માએ ત્રિપદી આપી મોક્ષગામી બનાવ્યા. આ છે ગુરુપદની મહત્તા. આવા મહાનગુરુની સેવા–ઉપાસના–સદ્ગતિ તથા સત્‌ના દર્શન પ્રાપ્ત કરાવે છે.

ભગવાન મહાવીરના (ગુરુપદ) શરણે ગયેલા અર્જુનમાળી હત્યારો રોહિણીયો ચોર તથા ગોશાલો જેવા અયોગ્ય વ્યક્તિને પણ સંસાર સાગરથી પાર કરાવ્યા. જ્ઞાનદાન પ્રાપ્ત કરાવી ભવિષ્યને ઉજ્જવળ બનાવ્યું. પૂર્વકાળમાં જંગલોમાં આશ્રમ કરીને રહેતા ગુરુઓની સેવા કષ્ટ પૂર્વક કરીને પણ અધ્યયન કરનાર રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો તથા જ્ઞાનપિપાસુ શિષ્યો ઋષિઓના ચરણો ચુમે છે અને સેવામાં તત્પર રહે છે તેઓ આ લોક અને પરલોકમાં જ્ઞાન ઉપાર્જન કરી આનંદ અનુભવે છે.

દા. ત. એકલવ્ય જંગલમાં ગુરુમૂર્તિ સ્થાપી તેના પ્રત્યેની શ્રદ્ધાભાવથી ધનુર્વિદ્યામાં અર્જુન કરતાં પણ મહાન બને છે. માટે ખરેખર જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવું હોય તો સદ્‌ગુરુનો સહારો આલંબન આવશ્યક નહી પણ પરમ આવશ્યક છે.

કર્મ અને ધર્મનું જાણપણું – નિત્યાનિત્ય ભાવોની માહિતી – આત્મા અને દેહની ઓળખ – આ બધું જ્ઞાન ગુરુવિના સંભવિત નથી માટે જ કવિ કહે છે કે

"ગુરુ કારીગર સરીખા– ટાંકે વચન પ્રહાર,

પત્થરની પ્રતિમા કરે – પૂજા લહે અપાર."

જિનવચનરૂપી ટાંકણાવડે ટોચી ટોચી અણઘડ પત્થર જેવા આત્માને પ્રતિમારૂપે બનાવે છે. અજ્ઞાન– આવેશ અભિમાન આદિ દુર્ગુણોને નિ:સ્વાર્થ ભાવે સદ્‌ગુરુઓ અજ્ઞાની આત્માને મોક્ષપંથને યોગ્ય બનાવે છે.

જે ગુરુઓ પંચમહાવ્રતનું નિરતિચાર પાલન કરીને વીતરાગ દેવની આઈબેંકમાંથી સમ્યક્ત્વરૂપ આંખ બેસાડી જ્ઞાનરૂપ લેન્સ જોઈન્ટ કરી મિથ્યાત્વના અંધકારને ઉલેચી આત્મામાં જ્ઞાનની સર્ચલાઈટ ફેલાવે છે. તેવા સદ્‌ગુરૂઓની સેવા ભક્તિ ઉપાસના કરવાથી આત્મ ઉર્ધ્વગામી બને છે.

ગુરુકૃપા – સંયમ જીવનનો પ્રાણ છે.

ગુરુની હિતશિક્ષા – સંયમનો શ્વાસોશ્વાસ છે.

ગુરુની ઈચ્છા – સંયમ જીવનની કરોડરજ્જુ છે.

ગુરુની આજ્ઞા – પ્રેરણાદાયી દીવાદાંડી છે.

ગુરુની સેવા – શ્રાવકને અવશ્ય કરવા યોગ્ય છે.

jainuniversity.org

## 3. સ્વાધ્યાય :

જં અન્નાણી કમ્મં ખવેઈ બહુઆહિં વાસકોડીહિં ।

તં નાણી તિહિં ગુત્તો, ખવેઈ ઉસાસ મિત્તેણં ॥

જે અજ્ઞાની ક્રોડો વર્ષમાં જે કર્મ ખપાવે છે તેટલા કર્મો ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા જ્ઞાની એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

નવિ અત્થિ નવિ અ હોહી, સજ્જાય સમં તવો કમ્મં ॥

સ્વ + અધ્યયન પોતાનો કહેતાં આત્માનો જે અધ્યાય એટલે અભ્યાસ કરવો – દેહ– ઈન્દ્રિય – મનથી પર કે જે સૂક્ષ્મતત્ત્વ છે તેનું ચિંતન – મનન – ધ્યાનાદિ કરવું તે સ્વાધ્યાય. સ્વાધ્યાય મુખ્યત્વે સાધુ જીવનનો પ્રાણ છે. સ્વાધ્યાય એ ધર્મગ્રંથનું મનન – ચિંતન સ્મરણ અને તેનાથી ચિત્તની વિશુદ્ધતા પ્રાપ્ત થાય છે, તે જેમ મીઠાવિનાની રસોઈ સ્વાદહીન લાગે છે. સાકરવિનાની મીઠાઈ બેસ્વાદ લાગે છે. તેમ સ્વાધ્યાય વિનાનું

ગૃહસ્થજીવન – શ્રમણજીવન નિષ્પ્રાણ લાગે છે.

જીવનને જીવંતુ – તેજસ્વી – ઓજસ્વી બનાવવું છે તો સ્વાધ્યાયની આવશ્યકતા જરૂરી છે.

સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે વાચના – પૃચ્છના પરાવર્તના અનુપ્રેક્ષા ધર્મકથા.

વાચના – ધર્મજ્ઞાન ભણવું ભણાવવું જણાવવું.

પૃચ્છના – જ્યાં પ્રશ્ન ઉદ્‌ભવે ત્યાં પૂછીને તેનું નિરાકરણ કરવું (વારંવાર પૂછવું)

પરાવર્તનના – શીખેલા પદાર્થનું સ્વાધ્યાય કરવો સૂત્ર – અર્થનું પુનરાવર્તન કરવું.

અનુપ્રેક્ષા – વારંવાર ચિંતન કરવું.

ધર્મકથા – ધર્મનો ઉપદેશ આપવો – તત્ત્વનો ઉપદેશ આપવો.

સ્વાધ્યાયથી સ્વ અને પરને સંસારથી નિર્વેદ પમાડી શકાય છે. તથા વિકારી ભાવો નષ્ટ થાય છે. ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા વધે છે. વર્તમાન જીવનમાં ષટ્‌દર્શનનું જ્ઞાન મેળવવું જરૂરી છે. જ્ઞાનની ઉપાસના સ્વાધ્યાયઆદિથી બને છે.

સ્વાધ્યાય એ મોક્ષમાર્ગની શ્રેષ્ઠ કડી છે.

સ્વાધ્યાયથી સાચા અર્થમાં સમ્યગ્‌દર્શનની ને સમ્યગ્‌ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આત્મસ્વભાવમાં સ્થિરતાને પામી શકે છે.

સ્વાધ્યાય સ્વભાવ પરિણિત માટે અને વિભાવને દૂર કરવા માટે શરીરનું અધ્યયન તે આત્માના શુદ્ધ સ્વરૂપની રમણતા માટે સ્વાધ્યાય છે.

આત્માનો અધ્યાય તે જ સાચું ચિંતન છે સ્વમાં સત્યહંમેશા વિદ્યમાન છે. સ્વમાં સ્થિર થનાર ને નિત્યયોગ છે. ને સ્વાધ્યાયથી મહાનિર્જરા થાય છે. સ્વાધ્યાયને મહાન તપ કર્મ તરીકે સિદ્ધાંતોમાં કહેલ છે. સ્વના સાક્ષાત્કારના ઉપક્રમને જ સ્વાધ્યાય કહેવાય છે. સ્વને જાણ્યાવિના શાસ્ત્રને જાણવાથી અહંકાર પુષ્ટ થાય છે. અને માનની તૃષ્ણા વધે છે. સરોવર એ ચિત્તછે તરંગો એ વૃત્તિ છે. અને સરોવરનું તળિયું તે આત્મા છે. આત્મા અને ચિત્ત વચ્ચેનો ભેદ અભ્યાસ વિના સમજાતો નથી તે જ્ઞાન સ્વાધ્યાયના યોગથી પ્રાપ્ત થાય છે.

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ચિત્તની એકાગ્રતા – ધ્યેયાકાર વૃત્તિ તેનું નામ યોગાભ્યાસ અને તેજ સ્વરમણીરૂપ સ્વાધ્યાય છે. આવી પરિસ્થિતિમાં રહેલો આત્મા પરમપદને પ્રાપ્ત કરે છે.

**સ્વાધ્યાય એ સાધનાનું નંદનવન છે.**

**સ્વાધ્યાય થી ત્રણ લાભ છે.**

(૧) જ્ઞાનની પ્રાપ્તિ... (૨) પ્રાપ્ત જ્ઞાનની સુરક્ષા... (૩) જ્ઞાનમાં વૃદ્ધિ.

જ્ઞાનીએ હજારો વર્ષના જીવનમંથનમાંથી પ્રાપ્ત કરેલું નવનીત આપે માટે તપરૂપી ભવનનો સૌથી ઊંચો મજલો તે સ્વાધ્યાય છે. પ્રભુવીરને ગૌતમ સ્વામિજીએ પૂછ્યું કે હે ભગવન્ સ્વાધ્યાયથી શું લાભ ? ત્યારે પ્રભુ મહાવીર ઉત્તર આપ્યો કે આત્મા પર લાગેલા જ્ઞાનાવરણીયના આવરણો દૂર કરે છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

મંગલ અને કલ્યાણકારી જીવન વૈભવને પ્રાપ્ત કરવા સ્વાધ્યાય એ જરૂરી છે. આત્મધ્યાનમાં સ્થગિત થવાના સહકારી કારણરૂપ સ્વાધ્યાય ઉપયોગી છે. તેને લક્ષમાં રાખીને આત્મહિતકારી એ આ કર્તવ્ય કરવા યોગ્ય છે.

## ૪. સંયમ :

ભૌતિક સુખોની પાછળ દોડધામ કરતી ઈન્દ્રિયોને અંકુશમાં રાખવા જેમ મદોન્મત બનેલા હાથીને અંકુશમાં રાખવા મહાવત જેમ લગામ ખેંચી અંકુશથી ઊભો રાખે છે તેમ એક એક ઈન્દ્રિયના વિષયમાં સંસારી જીવોની કરૂણસ્થિતિ જોઈ પાંચ મહાવ્રતોના પાલન દ્વારા જીવને અંકુશમાં રાખનાર સંયમ છે. પાંચે ઈન્દ્રિયોના વિષયો અંગાર જેવા છે.

જેમ અંગારામાં કોઈ હાથ નાંખે તો દાઝ્યા વગર ન રહે તેમ વિષયોના ભોગવટા દ્વારા જીવ અનેક પ્રકારની આધિ–વ્યાધિથી બળી રહ્યો છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોના કારણે આત્મા મોહના સામ્રાજ્યથી શુદ્ધતત્વને જોઈ શકતો નથી માટે સુખના અર્થી જીવોએ મનરૂપી ઘોડાને સંયમરૂપી લગામ વડે વશ કરવો જરૂરી છે.

બહિરંગ સાધનરૂપ બાહ્યસંયમ એ પરંપરાએ પ્રાણ અને દેહનો સંયમ છે. અંતરંગ સાધનરૂપ અંતરંગસંયમ એ પરંપરાએ બુદ્ધિ–ચિત્ત અને અહંકાર ઉપર સંયમ છે.

પાંચે ઈન્દ્રિયોના સેવનથી થનારૂ સુખ ક્ષણિક છે દીર્ઘકાળના દુ:ખને લાવનારૂ છે. પાંચે ઈન્દ્રિયોને પરવશ બનેલો આત્મારાગ અને લોલુપતામાં ફસાઈને પોતાની જાતને ભસ્મ કરી દે છે. અનંતકાળથી આત્મા પોતાની પાંચે ઈન્દ્રિયોને તૃપ્ત કરવા માટે પૌદ્‌ગલિક સુખ અપનાવતો રહ્યો છે પણ ઈન્કાર નથી કર્યો ખરેખર ક્ષણિક તૃપ્તિના ઢગમાં અતૃપ્તિનો લાવારસ ખદબદી રહ્યો છે. મનને વશ કરનારી બે કાબુ બનેલી ઈન્દ્રિયો દેખાવમાં સામાન્ય લાગે પણ તે તમને ક્યારે વફાદાર બનતી નથી.

મોહસમ્રાટની આજ્ઞાંકિત સેવિકા છે તેના દ્વારા જીવરાશિપર પોતાનું રાજ્ય ચલાવી રહી છે. આવી વિષયાભિલાષી ઈન્દ્રિયોનો જાદુઈ પાશ છે. અજબ જાળ છે. તેમાં સરળ જીવોને ફસાવે છે.

ઈન્દ્રિયો હંમેશા પ્રજ્જલિત છે. દા.ત. રોટલી વાસી થાય છે. પણ સોનું વાસી થતું નથી. ઈચ્છાઓ પણ એવી જ છે. કદી વાસી થતી નથી જ્યારે પૂછો ત્યારે તાજી માટે જ સંયમરૂપ કર્તવ્ય ગ્રહણ કરી જીવનને ઉત્થાનના પંથે લઈ જવું તેજ સાચું શ્રાવક કર્તવ્ય છે.

## ૫. તપ :

તપથી ૭ વસ્તુની પ્રાપ્તિ થાય છે.

સૌભાગ્યમાવર્હત, જન્મશુભં વિદ્યતે ।
પુષ્ણાતિ પુણ્યસમં, દુરિતં પ્રમાર્ષ્ટિ ।
કર્મેન્ધનં દહતિ નિવૃતિ શર્મ રાતિ ।
કિંવા કરોતિ ન તપ: શુભભાવતપ્તમ્ ॥

હૈયાની વિશુદ્ધ ભાવના વડે અને સમતાપૂર્વક કરવામાં આવેલી તપશ્ચર્યાતિના પ્રભાવે

(૧) સૌભાગ્ય વધે છે. (૨) ઉત્તમગતિ પ્રાપ્ત થાય છે.

(૩) જીવતર ધન્ય બને છે. (૪) પુણ્યનું બળ વધતુ જાય છે.

(૫) પાતના તાપ ઘટે છે. (૬) કર્મબંધનો ઢીલા પડે છે.

(૭) આત્માનો મોક્ષ પણ થાય છે.

તપધર્મ એટલે આત્માને લાગેલા કર્મોને જે ખપાવે તે તપ. શરીરને તપાવે તેજ તપ છે તેવું નથી પણ શાસ્રમાં જ્ઞાની ભગવંતો કહે છે કે ઈચ્છાનો નિરોધ તેનું નામ તપ તેમાં ખાવાની લાલસાને વિશેષે રોકવી તે તપ તરીકે રૂઢ છે. પરંતુ ભૂખ લાગ્યા વિના ખાવું નહિં, તેમ રસનેન્દ્રિયને પુષ્ટ કરવા ખાવું નહી પણ માત્ર ભૂખના દુ:ખને શમાવવા પુરતું યોગ્યરીતે જમવું તે તપ છે. એટલે કે દોડતી રસનેન્દ્રિયને બ્રેક મારી મન ઘરમાં સ્થિર કરવી તે તપ

તપસા નિર્જરા – તપથી નિકાચિત કર્મોનો ક્ષય થાય છે. તપ એ નિર્જરાનો ભેદ છે. તપ બાર પ્રકારે છે. છ બાહ્ય – છ અભ્યંતર. બાહ્યતપ બીજા જાણી શકે છે. જ્યારે અભ્યંતર તપ અંતર્મુખ બનેલા મહાનુભાવો જ યથાર્થ સ્વરૂપમાં સમજી શકે છે. અનશન આદિ બાહ્યતપ છે તથા પ્રાયશ્ચિત આદિ છ અભ્યંતર તપ છે.

તપ ધર્મની વ્યાખ્યા જુદા જુદા ધર્મમાં વિવિધ જણાવી છે. કોઈ અમુક વ્રતને તપ માને છે. કોઈ વનવાસ – કંદમૂળ ભક્ષણ – કોઈ સૂર્યની આતાપનાને તપ માને છે વળી કોઈ કેવળ દેહ – દમનને જ તપની પૂર્ણતા સ્વીકારે છે. પરંતુ જૈનધર્મમાં દેહ–દમન અને માનસિક તિતિક્ષા પુરતો તપ નથી ઉપરાંત આત્માના શુદ્ધ સ્વરૂપ અને શુદ્ધિ કરનારા તત્ત્વો જોઈએ તેવા ત્યાગ–વૈરાગ્યમાં તપ ધર્મ રચાયેલો છે.

તપ ધર્મ આલોક તથા પરલોકની સુખની ઈચ્છાથી નથી કરવાનો કીર્તિ મહત્તા કે પ્રશંસાની ઈચ્છાથી નહીં પણ ફક્ત કર્મનિર્જરાના હેતુથી કરવાનો છે તે તપધર્મ સંલીનતા વગેરે તપની મુખ્યતા કહી છે. દશપ્રકારનું પ્રાયશ્ચિત અને દશપ્રકારનો વિનય તપ તે પણ પ્રશસ્ત છે. ધ્યાન–સ્વાધ્યાય આદિ મોક્ષ પ્રાપ્તિ માટે નિસરણી (સીડી) તુલ્ય છે. તપ વિના મુક્તિ નથી, મુક્તિ વિના આત્માની સ્વમાં ગતિ નથી તપધર્મ એ સ્વને આધીન છે.

તપ કરવું એ પુરમાં સામે પ્રવાહે તરવા જેવું છે. અત્યારે જીવોનો પ્રવાહ ખાવા બાજું છે. ગમે તે ખાવા જીવો ટેવાઈ ગયેલા છે. એની સામે તપધર્મને આચરનારા પૂર્વના મહર્ષિઓ જેવા કે ધન્નાકાકંદી ગુરુગૌતમ, શિવકુમાર – ૬૦ હજાર વર્ષ સુધી આયંબિલનો તપ કરનાર સુંદરી વિગેરે થાળી ડંકો લીધા વગર ડંકો વગાડી અનેક આત્માઓને તપ ધર્મનો સ્વાદ ચખાડે છે. ધન્ય હો તેવા તપસ્વીઓને કે વર્તમાનમાં પણ વર્ધમાનતપની ઓળીઓ કરનાર જીવનપર્યંત એકાસણાનો તપ કરનાર માસક્ષમણાદિ વિવિધ તપની આરાધના કરનાર જીવો હળુકર્મી બની આત્મહિત કરી રહ્યા છે. ખરેખર જિનશાસનમાં ત્યાગ પ્રધાન તપ એ ઝળહળતું તેજસ્વી રત્ન છે. તેનાથી મુક્તિ માર્ગ નિકટ છે પરમાત્માએ બાહ્યતપમાં જીવનકાળ પર્યંત ફક્ત બે ઘડીની નિંદ્રા લીધી માટે તપ એ શણગાર છે. અને શણગાર વગરનો અણગાર ક્યારે પણ હોય નહિ. કર્મરૂપી વિશાળ વૃક્ષને મૂળથી ઉખેડીને ફેંકી દેવામાં તપ એ હાથી સમાન છે. ભવસમુદ્રમાં તપ એ સેતુ સમાન છે. મોક્ષે જવા માટેનો આ પુલ છે. આજના વર્તમાનયુગમાં અનેક પ્રકારના વિવિધ તપના તપસ્વીઓના દર્શન ઘણા સુલભ છે. પણ પોતાના પર કોઈ ગમે ત્યારે ગમે તેવા કટુવચન કહે છતાં આંખના ખૂણામાં ક્રોધ ન આવે એવા સમતાધારી તપસ્વીના દર્શન દુર્લભ છે. રાત્રિભોજનનો ત્યાગ એ તપનો પ્રારંભ છે. માટે શ્રાવકે રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. નાના–મોટા તપના કોઈપણ પ્રકાર અને જીવનનો દૈનિકભાગ બને એ રીતે ગુહસ્થ–શ્રાવકે ધ્યાન દેવું ઘટે.

## ૬. દાનધર્મ :

તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થઈ સ્વમુખે ચાર પ્રકારના ધર્મની દેશના આપે છે તેમાં મુખ્યતાએ દાન–શીયળ–તપ અને ભાવધર્મની પ્રરૂપણા કરે છે. દાન એટલે? બીજા પાસેથી લીધું ઘણીવાર હવે આપણાં શીખીએ એ દાન.

દાનધર્મમાં લક્ષ્મીની મૂર્છા છોડવાની છે. શીલધર્મમાં શરીર અને એશઆરામની મૂર્છા છોડવાની છે. તપમાં રસનેન્દ્રિયની મૂર્છા છોડવાની છે, ભાવમાં મનની મૂર્છા છોડવાની છે. પરંતુ આ સંદર્ભમાં દાન એ ધર્મનું આદિપદ છે. દાનધર્મથી ચતુર્વિધ સંઘ છે અને શ્રી સંઘના આધારે શાસન ટકે છે.

શાસ્રકારે દાનના ભેદ પાડ્યા છે. અને તે મુજબ પાત્ર(જીવ)ના પણ ભેદ પાડ્યા છે. જેમાં અનુકંપાદાન – અભયદાન – સુપાત્રદાન – કીર્તિદાન – ઉચિતદાન તેમાં પણ વિશેષ ભેદ પાડ્યા છે. તીર્થંકર દેવ અને જિનમંદિર તે રત્નપાત્ર છે અને ગુરુ તે સુવર્ણપાત્ર છે. દાનધર્મ મહાઆશીર્વાદરૂપ છે. મુનિભગવંતોને પણ દાનધર્મ કરવાનું વિધાન છે. સંયમજીવનમાં વસ્ર–પાત્ર–ગોચરી વગેરેની ભક્તિ કરવારૂપ દાનધર્મનું આચરણ કરે છે. જ્યારે શ્રાવક એ રજતપાત્ર છે.

દાન એ સ્નાન છે એનાથી પરિગ્રહ સંજ્ઞાનો મેલ દૂર કરવાનો છે. શીલએ તપ રૂપ કપડા છે અને ભાવ એ અલંકાર છે આવા ચાર પ્રકારનો ધર્મ જેના જીવનમાં આચરેલ છે તે આત્મા સુશોભિત બની શકે છે. દાનધર્મને પુણ્ય અને ધર્મનો વિશિષ્ટ સંબંધ છે પુણ્ય અલૌકિક અને ધર્મ લોકોત્તર ધર્મ બને છે.

દાનમાં સર્વશ્રેષ્ઠ દાન સન્માનદાન છે. તેમાં અભયદાનનો સમાવેશ થાય છે. દુનિયામાં બળવાન – ધનવાન ને વક્તામળવા સુલભ છે. પણ દાતા પરોપકારની વૃત્તિવાળા સજ્જનો મળવા દુર્લભ છે.

દાનનો અર્થ છે આપવું. પોતાની પાસે સારૂ, હિતકર છે અને જે પ્રમાણે મળ્યું છે તે પ્રમાણે આપવું તે દાનધર્મ છે.

**દાન કોણે આપવું.**

માર્ગમાં શ્રમિત થયેલા એટલે વિહાર કરતા મુનિભગવંતો, આગમ ભણનાર મહાપુરુષો લોચકરાવનાર સાધુ ભગવંતો અને અત્તરવાયણામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવામાં વધુ લાભ કહેલો છે.

“જેના જીવનમાં દાન નહીં તેને ક્યાંય સ્થાન નહિં ” એ સૂત્ર ગંભીરતાથી વિચારવા યોગ્ય છે. પ્રભુશાસનમાં  દાનનો જય જય કાર છે, સાથે ત્યાગનો અને ત્યાગના રાગનો જય જય કાર છે. પ્રભુ આદીશ્વર ભગવાનને પ્રથમ પારણું કરાવનાર શ્રેયાંસકુમારથી દાનધર્મનો પ્રવાહ શરૂ થયો. મહાવીર પરમાત્માના જીવે પ્રથમભવ નયસારના ભવમાં મુનિને દાન આપવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી તેમજ સંગમના જીવે મુનિને ખીર વહોરાવી અખૂટ લક્ષ્મીના ભોક્તા શાલીભદ્ર બન્યા. તેમજ કલિકાળમાં જગડુ શાહ, – દાનવીર કર્ણરાજા, ભીમોકુંડલિયો – પેથડશા વિગેરેના દૃષ્ટાંતો જૈન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયા છે.

જગતના જીવોના કલ્યાણની ભાવનામાં મનને જોડવું શુભ ચિંતવવું તે ભાવદાન છે. પરમોપકારી પરમાત્માની સ્તુતિ– સ્તવના કરવી તે વચનદાન છે. પરહિત કાર્યમાં તનને જોડવું તે તન દાન છે. અને અજાણ્યાને આત્મીયતા સ્મિત આપવું તે સ્મિતદાન છે.

## દાનના પ્રકાર :

| | | | |
|---|---|---|---|
| ૧. | અનુકંપાદાન | – | દુઃખી જીવોને દુઃખ મુક્ત કરવાને કોઈ વસ્તુ આપે. |
| ૨. | સંગ્રહદાન | – | સંકટગ્રસ્ત જીવોને સંકટમાંથી છોડાવે. |
| ૩. | અભયદાન | – | સાત પ્રકારના ભયથી ભયભીત બનેલા જીવોને અભય કરવા અને મરણોન્મુખ પ્રાણીએ મૃત્યુથી બચાવવા વસ્તુ આદિ આપે તે. |
| ૪. | કારૂણ્યદાન | – | સ્વજનાદિના મૃત્યુબાદ અભ્યાગત્યાદિને આપે તે. |
| ૫. | લજ્જાદાન | – | કોઈની શરમમાં આવી કાંઈ દાન કરે. |
| ૬. | ગૌરવદાન | – | અભિમાનમાં આવીને કાંઈક દાન આપે. |
| ૭. | અધર્મદાન | – | વેશ્યા આદિ કુકર્મ કરનારને આપે. |


jainuniversity.org

૮. ધર્મદાન – સાધુ–સાધ્વીને ફાસુક આહારાદિ આપે.

૯. કરિષ્યતિદાન – તેમણે મારા પર ઉપકાર કર્યો છે માટે તેને કાંઈક આપવું જોઈએ. એવા વિચારથી આપે.

૧૦. કૃતદાન – આ માણસે મારા ઉપર ઘણા બધા ઉપકારો કર્યા છે. આ ભાવનાથી પ્રેરાઈને દાન દેવાય તે. (ઠાણાંગ)

## દાન દેવાના પ્રકાર :

(૧) પરવશપણે, (૨) સુસંગતે, (૩) ભયથી, (૪) કાર્ય–કારણથી,
(૫) લજ્જાથી, (૬) અભિમાન (અધર્મ બુદ્ધિ)થી, (૭) ધર્મબુદ્ધિથી, (૮)કાર્યના લોભથી.

## દાનના પ્રકાર:

(૧) અનુકંપા, (૨) સંગ્રહ, (૩) ભય, (૪) લજ્જા, (૫) કીર્તિ, (૬) અધર્મ,
(૭) કુળ, (૮) આસ્થા, (૯) અભય, (૧૦) સુપાત્ર.

jainuniversity.org